સીતળા અને બળીયાકાકાનો સંવાદ.

તથા

વિના ઔષધથી પ્લેગ રોગ નિવારણ.

રમુજી રસિક હિતોપદેશ સંવાદ.

લેખક કવિ હર્ષદ.

પ્રસિદ્ધ કરતા,
કે. એમ. દુધવાળા.
ઠે. કાળુપુર—અમદાવાદ.
આવૃત્તી પહેલી.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રિન્ટીંગ પ્રેસ.
સંવત ૧૯૬૧ સને ૧૯૦૫.
કીમત રૂ. ૦-૨-૦.

શીતળા અને બળીયાકાકાનો સંવાદ.

દોહરો.

બળિયાને વળિ સીતળા, મળ્યા એક દીન સાર;
જગત હિત સંવાદથી, કરવા લાગ્યાં વિચાર.

સીતળા—પ્રિય બળિયા ! મ્હારૂં હૃદય ઘણુંજ સંતપ્ત રહેછે.

બળિયા—કેમ, કેમ, દેવી ! તમે તો આનંદી છો, છતાં શાની ચિંતા રાખોછો !

સીતળા—મ્હારી આર્યભગની (પૃથ્વિ) વ્યાકુળ છે તેના લીધે મને વ્યાકુળતા થઇ છે !

બળિયા—પૃથ્વિદેવીએ પોતાની વિપત્તિ કેવા પ્રકારની કહિ બતાવી ! શું કહ્યું !

સીતળા—સત્યનું પાલન કરવાવાળા, એક પત્નીવ્રત ધારણ કરનાર, એક વચન પાળનાર, એકજ બાણુ ધારણ કરનાર અને પોતાની સમગ્ર પ્રજાને વૈમાનમાં બેસારીને સ્વર્ગેમા લૈ જનાર પરમાત્મા શ્રી રામચંદ્રજીના ગયા પછી આર્ય પુત્રો પરસ્પર દારૂણ યુદ્ધ કરીને મર્ણ પામ્યા તેના માટે તે પૃથ્વિ દેવી પોતાના પુત્રવિયોગનો શોક કરતી હતી.

બળિયા—હા, એતો વાત ખરી છે; શ્રી કૃષ્ણે કપટ કરીને

મ્હારૂં મર્ણું નિપજાવ્યું હતું, પણ તે વખતે મેં વચન લીધું હતું કે કૌરવ અને પાંડવનું યુદ્ધ રણુસ્થંભની ટોચ ઉપર મારૂં મસ્તક જોઇ શકે તેમ કરશો. જેના હાર થશે તેની કુમ્મકે હું રહિસ. પણ નીરૂપાય કે ફક્ત મારૂં માથુંજ હતું. કૌરવ જ્યારે હાર્યા તે વખતે મારા ગાથાએ પાંડવોનાં હૃદય ભેદી નાખ્યા હતાં. જ્યારે સઘળાએ મારી સ્તુતિ કરી ત્યારે હું શાંન્ત થયો હતો; તે તમારા જાણવામાં ક્યાં નથી !

સીતળા—હા. હું સારીપેઠે જાણું છું. પણ એટલું તો ખરૂ કે જ્યારથી કૃષ્ણાવતાર થયો ત્યારથી કપટ પ્રપંચનો વધારો થવા લાગ્યો.

બળિયા—મને ખબર છે કે તે વખતે પૃથ્વિ ઉપર ઘણો ભાર થવાથી તે ભાર પરસ્પર યુધ્ધ કરાવીને શ્રીકૃષ્ણ પરમાત્માયે ઓછો કરાવ્યો હતો: છતા શું તે વખતે પૃથ્વીદેવી વીલાપ કરતી હતી કે !

સીતળા—હા, જ્યારે શ્રીરામચંદ્રજી સ્વર્દેહીએ ગયા તે વખતે જડપદાર્થ છતા ચૈતન્ય જેવો ભેદ બતાવીને નેત્રમાથી આસુ કાઢતા હતાં તો રામજીના વિરહથી પૃથ્વિદેવી શામાટે દુખી ન થઇ હોય !

બળિયા—તો શું હવે આ વખતે પૃથ્વિદેવી પોતાના નેત્રમાથી આસુ કાઢે છે તે આર્ય પુત્રો માટે કે !

સીતળા—હા, પણ તે આર્ય પુત્રો અને પુત્રિઓએ સદાચાર સત્ય, દયા, ક્ષમા, સમદરશીપણું, ઇત્યાદીકનો ત્યાગ કર્યો છે અને તેના બદલામા અસત્ય અનાચાર, પાખંડ નિર્દયતા, ધુર્ત, પરસ્ત્રીલંપટ કપટ એ વીગેરેનો વધારો થવાથી પૃથ્વી ઘણી કોપિત થઇ છે, તેની મુખમુદ્રા ફરી ગઇ છે, તે વારંવાર અટ્ટહાસ કરે છે, પોતાના પુત્રો પ્રત્યે ક્રુર કટાક્ષથી જુવે છે; જોકે તેનામાં જેટલી ક્ષમા છે તેટલી બીજી કોઇ દેવીમાં નથી છતાં કુપુત્રોના કાર્યને જોઇને તે ઘણી ગ્ર-

કાઇ ગઇ છું; ને શરીરે સુકાઇ ગઇ છે; તે પુરેપુરો શૃંગાર અંગ ઉપર ધારણ કરતી નથી; પૃથ્વિદેવીનો પતિ મેઘરાજા આર્ય પુત્રોને જોઇને ક્રોધાતુર થયો છે, તે પ્રસન્ન ચિતથી પુરેપુરો આવતો નથી; મેઘરાજાનુ ચિત વ્યગ્ર થએલુ જોઈ પૃથ્વી અલંકારનો ત્યાગ કરીને સાધુડી જેવી ત્યાગ વૃતિવાળી થઇ છે; જ્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારે શરીરનું રક્ત ઉષ્ણ થાય છે શરીર ઉપરના રોમાંચ ખડાં થઇ જાય છે, તે વખતે વિવેકનુ ભાન રહેતું નથી. જુવો ઠેરઠેર ધરતીકંપ થાય છે, તેમાં કેટલાક શેહેર જમીનમાં ગેબ થઇ જાય છે, તે ક્રોધ આવેશ વાળી પૃથ્વીના ગુણે કરીને પરસ્પર દારૂણ યુદ્ધ થાયછે જેમાં લાખો માણસો મરણ પામે છે, તોપણ માણસોના મનમાં લેશ અસર થતી નથી, કેમકે અજ્ઞાની બાળક કાઇ પણ ગુન્હો કરે તો દયાળુ માતા તેના ઉપર ક્રોધ કરતી નથી પણ આતો જ્ઞાની પુરૂષો જાણી બુજીને અસત્ય માર્ગે ચાલે છે માટેજ પૃથ્વિદેવી શોક ગ્રસ્ત છે;

બળિયા—અહાહા! એતો કળિકાળની સત્તા છે; એમાં શું કહેવું!

સીતળા—કળિકાળની સત્તામાં ફસાયલા, કાળા હૃદયવાળા, સફેત વાળ છતાં બહુરંગ ચિતરવાળા, કર્મ કાંડી છતા અધમ વિભાગમાં રૂચે રમનારા, ઉપર ઉપરથી સજાતા અને પ્રમાણિકપણુ બતાવનારા, ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર પેહેરીને ચટકમટકદાર છટક ચાળથી અટકશાખનાર લટક લાલ લાલચોળ છાંટારી પાઘ ધારણ કરનારા પરસ્ત્રિઓ ઉપર દ્રષ્ટ નહિ ફેરવનારા, અને તે પોતાના મકાનમાં આવીને પાડોશીઓને ભક્તનો ઢોંગ બતાવનાર; અભક્ષ ભક્ષ કરનારા, પરાયુ ધન હરણ કરનારા ગરીબ લોકને રંજાડનારા આહબેદમાં મસ્ત બનેલા

મારફુ દરદ નહી જાણુનારા અવિચારના માર્ગને પકડનારા એવા અનેક પાપ કરનારાઓનો પ્રલય થાય અને સત્યયુગ વરતાય તોજ પૃથ્વી ફરી શાન્ત થાય એવો અભિપ્રાય કૈલાશમાં બેઠેલા શંકરે પૃથ્વી દેવીને આપ્યો છે એવું મારા સાંભળવામાં આવ્યું છે; તે સાથે તે એવું બોલ્યા છે કે દેશનો પતિ રાજા કદાપી દઢ સ્નેહને છોડસે, તોપણ દેહ કરશે. પણ મારા તરફથી કાળ ચક્ર ફેરવનાર વિચિત્ર ઢંગ વાળો રોગ એવો ફેલાશે કે, તેના ભયથી સનાતન ધર્મ ઉપર તમામનું લક્ષ જાય અને ઉત્તમ નિતિને રસ્તે ચઢે.

બળિયા—સત્ય છે, સત્ય છે, ત્યારે તો પેલો પ્લેગ આવ્યો છે તે પણ ત્યાંથીજ કે!

સીતળા—હા, તે પ્લેગને પુછતાં એવું જણાવેછે કે જે માણસ સત્ય બોલેછે તે સત્ય બોલવામાં તમામ પ્રકારના સદવર્તણુકીનો સમાસ થઇ જાય છે.

બળિયા—તે કેવી રીતે.

સદાચાર, નિર્ભયતા, આનંદ. સતોષ, દયા, ક્ષમા, ઉદારતા, સમદર્શીપણું, નિરાભિમાન, કીર્તિ, બાહુબળ, બુદ્ધિબળ, શૌર્ય, શ્રદ્ધા, વિશ્વાસ, એ પ્રકારે સોળ ગુણરૂપી સોળકળા માત્ર સત્ય બોલવાથી પાળવામાં આવે છે—જુઓ હરીશ્ચંદ્ર રાજાએ સત્ય બોલવામાં ઉપર કહેલી સોળે કળા પાળી હતી, અને છેવટે દેવસરખા તેના ઉપર અત્યંત પ્રસન્ન થયા હતા.

બળિયા—અહાહા ધન્ય છે. સત્ય વક્તાઓને કે, માત્ર સત્ય ગુણ પાળવામાં સર્વ વેદ શાસ્ત્રના સારનો ઉદ્દેશ આવી જાય છે.

સીતળા—હે પ્રિય બળિયાદેવ! જોકે આવે ગુણો સત્યને આ-

જોનો. પ્લેગ એક ક્ષણ પણ ટકી શકે નહી, તેની હું સિદ્ધતા કરી આવુછું.

બળિયા—હે દેવી ! તમારૂં અમુલ્ય વચન સાંભળવાને હું આતુરછુ.

સીતળા—પ્લેગનું નામ સાંભળીને કેટલાક સારી હવામાં રહેવાજાય છે, તેથી શુ તેઓ બચવાના કે ! એમ કરવાથી પણ કાંઇ ફોલ પામ્યુ છે ! તેના કરતાં સમાચારમાં જે અર્થ સમાસ થાય છે તે પ્રમાણે દરરોજ નેત્ર પ્રસન્ન કરવાને માટે ૧૦૦ મંત્રની આહુતીઓ ઘીની સાથે ભાત, તલ, જવ મિશ્ર કરીને અગ્નીને આપેતો તથા પોતાના આવાસ પવિત્ર રાખે તો તે પ્લેગ શુ કરે ! જ્યારે તે સદાચાર દેખતો નથી અને મલિનતા જુવેછે ત્યાજ તે પ્લેગ ઘુસી જાય છે;

જોકે પ્લેગનું નામ સાભળીને લોકોનો આત્મા ભયથી અડધો થઇ જાય છે, શરીર સિથિળ થાય છે. ભયથી હૃદયનું ચક્ર ફરે છે; ફીકરથી શરીરનું રક્ત ઉષ્ણ રહેછે, એમ થવાથી જવર પેશી જાય છે, સેજ સાજ જવર થયો એટલે અજાણ્યા લોકો પ્લેગથી તો ભડકયાજ હોય, જેમકે ગાડા માણસને ભુતવળગ્યું એ પ્રકારે તેની કમબખ્તી થાય છે. માટે દ્રઢ હૃદયથી નિર્ભયતા હોય તો આટલો પરીણામ લેશ માત્ર થાય નહી, એટલા સારૂ નિર્ભય રહેવું જોઇએ.

બળિયા—ધન્ય છે દેવી ! એ પણ વાત તો ખરી છે, જોકે હું નિર્ભય હતો, જોકે મારૂ મસ્તક મારા ધડથી જુદૂ કરીને મેં શ્રીકૃષ્ણ પરમાત્માને અર્પણ કર્યું હતું તોપણ નિર્ભય દ્વારાએ મારા મસ્તકેજ યુદ્ધ કર્યું હતું. ધન્ય છે દેવી તમારો આશય ઉતમ પ્રકારનો છે. વારૂ પછી કેમ !

સીતળા—આનંદ એ એક તંદુરસ્તી બક્ષનાર છે, જ્યારે લે-

શપણુ ભાય નથી હોતો તથા જ્યારે સંતોશ હોય છે ત્યારેજ આ-નંદ પ્રાપ્ત થાય છે. જ્યારે આનંદ મળ્યો ! ત્યારે ભય કોહેનો રહ્યો ! આજકાલ જેને પ્લેગ થયો હોય તે કદાપી ભાઈ હોય, કદાપી મિત્ર હોય, કદાપી બહેન હોય કદાપી સ્ત્રી હોય, કદાપી માતુશ્રી હોય. કદાપી પિતા હોય તેગણુ તેની પાસે બીજુ કોઈ જઈ શકતું નથી લોકલાજ વ્યવહારથી કે આગ્રાહથી જેઓ જાય છે તેઓ કેવળભય પામીને જાય છે, દયાનો ત્યાગ કરે છે ક્ષમા કરતી નથી. જ્યારે તે બે વસ્તુ નથી હોતી તો પછી ઉદારતાનુ દર્શણ ક્યાથી હોય ! માટે જેના અંતઃકરણમાં દયા ક્ષમા અને ઉદારતા છે તે પરોપકારનુ કામ કરવાને કદીપણ કરાળશે નહી એજ સત્યવકતા જાણવો, સત્યવકતા ના પેટામાં એ ગુણ રહેલા છે.

જેના અંતઃકરણમાં સમદર્શીપણું રહેલું છે તે તમામ જાતીના માણસોને એકજ ભાવથી ગણે છે, ગમે તે વિપતિમાં પડયો હોય તો દયા અને ક્ષમાદ્રષ્ટિઆએ પરોપકાર કરવાને આગળ પગ મુકે છે, હે બળિયા દેવ ! એવા પવિત્ર મનના પુરૂષ પાસે પ્લેગ જઈ શકતો નથી.

બળિયા—હે દેવી, આપનુ કહેવું સત્ય છે,

શીતળા—પ્લેગ એવુ કહે છે કે, સત્યવ્રતના પેટામાં જે સોળ વિષયો છે, તે તમામ ગુણ સંપન્ન સત્ય વકતા પુરૂષ ઘણા કાળ સુધિ નિરોગી રહે છે.

બળિયા—આજકાલ સત્ય બોલનાર કોણ છે ? એક હજારૂ માં કદાપી એક માણસ નીકળવો દુર્લભ છે. સત્ય બોલનારને સોળ બાબતો સાચવવી પડે છે તે સોળ બાબતો સાચવે તોજ સત્ય બો-લાય છે; અહાહા ! જ્યારે સત્યરૂપી પાળો નજરે જણાશે ત્યારે

કિર્તિ રૂપી વિજયધ્વજ ફર્યા વિના કેમ રહેશે ! તે વખતે સત્યયુગ કેમ નહી કહેવાય !

સીતળા— પ્રિય બળિયાભાઇ ! અજ્ઞાની પુરૂષો સત્યવ્રત રૂપી ચિંતામણી પ્રાપ્ત કરવાનું પુરૂષાર્થ કરતા નથી, અને આમનેમ દોડગ દોડ કરે છે; તેથી શુ થાય ! ખાખરાના પાંદડાથી આમ્રરસ નીકળતો નથી, પાડામાંથી દુધ નીકળતુ નથી, કુશકામાથી તેલ નીકળતું નથી; એ લોકો એમ જાણે છે તોપણ રીંછની સાથે બાથ ભરવા જાય છે;

સીતળા— તે કેટલાક મારા દેવાલયમા આવે છે તે તમારૂ કઇ અજાણ્યુ છે !

બળિયા— હા, આજકાલ હજારો માણસો મારા મુકામમાં આવીને નિશાન ઉડાવી પોતાને ઘેર ચાલ્યા જાય છે; યદ્યપિ જે મારી ખાસ આજ્ઞા છે તે બિલકુલ માનતા નથી, માત્ર બે લાડવા અને એક વાડકી દાળનું નૈવેદ્ય કરીને તેઓ એમ સમજે છે કે હવે બળિયા દેવ આપણા ઉપર પ્રસન્ન થયા છે;

સીતળા— નદી કીનારા ઉપર માટીનુ ગધેડુ બનાવીને તેના ઉપર મને બેસારે છે પછી મારી પણ પુજા સારી પેઠે કરેછે; જોકે એટલી પણ તેમની શ્રદ્ધા છે તેથી તમને ધન્યવાદ આપવામા આવે છે; યદ્યપિ વેદ ધર્મમાં સનાતન માર્ગ કહ્યો છે કે જેમા રત્ન રૂપી સત્યતા છે તે ઉપર તો કોઇ લક્ષ પણ આપતું નથી.

બળિયા— ભલે મને તેમ હો તથાપી તેઓ એટલી પણ શ્રદ્ધા રાખે છે તેથી સત્યવ્રતનો સોળમો ભાગ તેમનામાં કાંઇક રહેલોછે.

સીતળા— તેઓ જ્યારે અસત્યાચરણ કરે છે ત્યારે શ્રદ્ધાનુ મૂળ લોપ થાય છે, પ્રેમ એવું કહે છે કે આ ભારત ભુમિમાં રેહુ-

નારાઓ સત્યજ્ઞાન પાળે તો હું એક ક્ષણ માત્ર પણ અહિયાં ટકું નહી, એ બાબતની પ્રતિજ્ઞા મેંજે કરી છે;

બળિયા—અરેરે! તેવો સમય ક્યારે આવશે.

સીતળા—જ્યારે તેવો સમય આવશે ત્યારે સત્યયુગ કહેવાશે; તેઓ નિર્ભય થઇને સદકાર્ય કરશે, તેઓ પરસ્પર રાગદ્વેશ રહિત થએલા સગકરશી સ્વભાવવાળા ઐક્યતાને પામશે. તેઓ ભયરહિત છતાં ઉતમ પ્રકારનો ભોગ કરશે; તેઓ વેદનાજ વચનને પ્રમાણ ગણશે. તેઓ શ્રદ્ધા પુર્વક જે કાંઇ ઉપાસના કરશે તેનુ ઉત્તમ ફળ મેળવી શકશે, તેઓ પોતાના શરીરને નાશવંત સમજીને જ્ઞાન અને વિવેક દ્વારાએ ગૌબ્રાહ્મણ અને સ્ત્રીના રક્ષણ માટે શૌર્ય બલમા પ્રખ્યાતી મેળવશે તેઓ સાર્વભોમ રાજાને ઇશ્વર તુલ્ય ગણીને તેમના પ્રત્યે નિખાલસ વૃતિદ્વારાએ ભક્તી રાખશે, તેઓ પોતાના બાહુ બળ વડે કરીને ભારત પરાક્રમની ધ્વજા ફરકાવશે; તેઓ ડેન્કેર વેદમંત્રનો ઘોશ શગ જગવશે. તેઓ પરોપકાર કાર્યમા ઉદાર વૃતિવાળા નિરંતર રહેશે. અને તેઓ છેવટે આ લોકમા સુકૃત કરીને મોક્ષ પામશે.

બળિયા—હે દેવી! તેઓ જ્યારે આપનું દરશણ કરવા આવે છે તે વખતે તેમના ભણી તુ નજર કરજે, તેમનુ ચીત સત્યજ્ઞાન ભણી વળે તેવી કૃપા કરજે.

સીતળા—હા, હું એજ ઇચ્છુછું કે તેમનું સર્વ પ્રકારે ભલું થાઓ.

બળિયા—ધન્ય છે. ધન્ય છે. હે દેવી! હું પણ તેઓના હીત માટે જગતનિયંતા પાસે માગણી કરૂં છું.

સીતળા—અસ્તુ તેમ થાઓ.

સમાપ્ત.

ભારતવર્ષની આર્ય બાળીકાઓને સદ્‌બોધ લેવા લાયક.

ખરીદો. આ એક અમુલ્ય રત્ન. ખરીદો.

થોડી નકલો સીલીકમાં રહી છે.

પરમાર પૃથુસિંહ.

તથા

નિમકહલાલ સતી મેના.

ભાગ. ૧ લો. તથા ભાગ. ૨ જો.

સદ્‌ગુણો ઉપર લખેલા વીષયની રસીક વારતા ઇતિહાસીક વાંચવા લાયક છે જ્યારે આ પુસ્તક તમે વાચશો ત્યારે તેને પોતાની ખાનગી પુસ્તક શાળામાં રાખવાનું મન થશેજ આમાં મેનાં નામની સ્ત્રીએ એવી અખી બહાદુરી કરી છે. કે તેના પરાક્રમની બરોબરી કોઇ પણ વીર પુરૂષે ભાગ્યેજ કરી હોય, તે સ્ત્રી છતાં તેની રચના એવી હતી કે તેને રાજાઓ પગે પડતા હતા જે કામ તેણે કર્યા છે તેમાં પૃથુપરમારને ત્રણ વખત લડાઇઓમાં બચાવ્યો છે મેના સ્ત્રી છતાં તેનામાં ધૈર્યતા શૌર્ય બાહુબળ બુદ્ધીબળ કેવું હતું તેમજ તેનો ગૃહ ત્યાગી હતો અને પોતે અઠાવીસ વરસની ઉમર વાળી હતી છતાં તેણે પોતાનું શિયળ વ્રત કેવી ખુબીથી સાચવ્યું છે અત્યંત ગહન ડુંગરોમાં રાત દીવસ કેવી યુક્તિથી રહીને પોતાના ઉપર ઉપકાર કરનારનું ભલું કર્યું છે તેનો આ બહુજ ચિતાર આપેલો છે. આ વિષય સ્ત્રી શિક્ષણને માટે અત્યંત ઉપયોગી છે માટે બેહેનો તથા બાઇઓએ પોતાના પાસે અવશ્ય રાખવું જરૂર છે;

પહેલા ભાગની કીમત રૂ ૧—૮—૦ બીજા ભાગની કીમત રૂ ૧—૮—૦ બન્ને ભાગનું ટપાલખર્ચ જુદું, આ બાને ભાગ પ્રખ્યાત કવી હર્ષદરાય સુંદરલાલ મુનશીના કસાયલી કલમથી લખાયેલા છે.

મળવાનું ઠેકાણું.

કેશવલાલ મગનલાલ.

ઠે. કાળુપુર કુપેલવાળાની પોળ સામે. અમદાવાદ.

શું તમો, આ સંસારમાં જન્મી સુખ જોઇએ છે? આ સુખ કયા પ્રકારનું હોવું જોઇએ. તે સુખ તે કાંઇ નહી, પણ નીચેના ફોટોગ્રાફનાં દર્સન કર્યાથી સુખ થશે.

શ્રી અંબાજી માતાના ફોટોગ્રાફ.

(છબીઓ.)

શ્રી અંબાજીના ભાવીક ભકતોસારૂ દર્સન અને પુજનને માટે શ્રી અંબાજીના જહાજ ઊદ્ધાર, શાંત સ્વરૂપ, મહીષમર્દની, વીગેરે તેમજ શંકર, સરસ્વતી, વીગેરે ઘણી જાતના તરેહવાર સુંદર ફોટોગ્રાફ અમારા તરફથી તૈયાર કરવામાં આવેલ છે. આવા ફોટો અમારા સીવાય બીજે કોઈ પણ સ્થળે મળતા નથી તેની પ્રસંસા અમારા મ્હોડે નહી કરતાં એક વખત નજરે જોઇ, અથવા મંગાવી, આ અમુલ્ય તકનો લાભ લેવાની ભલામણ કરવામાં આવે છે તે દરેક જાતના ફુલસાઇઝનો રૂ. ૧) કેબીનેટનો રૂ. ાા અને કાર્ડ વીઝીટનો રૂ. ા કીમત રાખી છે. એક ડઝન સામટી ખરીદનારને બે ફોટા વધારે આપવામાં આવેછે.

જાહેર ખબર.

સર્વે સુજ્ઞ અને શોખી સદ્દગ્રહસ્થોને વીનંતી સાથે વીદીત કરવામાં આવેછે કે અમારા તરફથી નીચે મુજબ ચોપડીઓ બહાર પડી છે તે જે સાહેબોને જોઇએ તેમને રોકડી કીમતે મગાવી લેવી અગર વી. પી. થી મોકલવામાં આવશે ને કોઇ બુકસેલરને સામટી લેવી હશે તો તેને કાફાયત ભાવે આપવામાં આવશે. ટપાલ ખરચ જુદું.

૧	શ્રી સોળંકી વીજય નાટકના ગાયનો.	કીં. ૦-૨-૦
૨	શ્રી પતીવ્રતા જયમણીનાટકના ગાયનો	કીં. ૦-૨-૦
૩	શ્રીઅંબીકાવિજય ગાયનસંગ્રહ ભા. ૧ લો.	૦-૨-૦
૪	શ્રીબહુચરાજીવિજયગાયનસંગ્રહ. ,, ૧ લો.	૦-૨-૦
૫	શ્રી વાચાર તરંગ ભજનાવળી	કીં. ૦-૨-૦
૬	શ્રી જૈન રત્નમણી ગાયન સંગ્રહ....	કીં. ૦-૨-૦

ઉપર મુજબ ચોપડીઓ નીચેના સરનામાથી મળશે.

કે. એમ. દુધવાળા.

ઠા. કાળુપુર, મુ. અમદાવાદ.